ગાંધીનગર સમાચાર

# સશસ્ત્ર સેના ધ્વજ દિન નિધિમાં ફાળો આપી ઝુંબેશનો શુભારંભ કરાવતા રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૭

સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી નિમિત્તે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે સશસ્ત્ર સેના ધ્વજ દિન નિધિમાં ફાળો આપી ઝુંબેશનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર, જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશ્નર રતનકુંવર ગઢવી ચારણ, ડિફેન્સ પી. આર. ઓ. પુનીત ચટ્ઠા, રાજ્ય સૈનિક કલ્યાણ અને પુનઃવસન બોર્ડના નિયામક કમાન્ડર (નિવૃત્ત) શશીકુમાર ગુપ્તા, ગુજરાત એન.સી.સી.ના હવાલદાર સુનિલ કુમાર તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે પ્રતિ વર્ષ ૭મી ડિસેમ્બરે સશસ્ત્ર સેના ધ્વજ દિન ઉજવવામાં આવે છે. સશસ્ત્ર સેનાઓ આપણા રાષ્ટ્રનું ગૌરવ છે. યુદ્ધ કે શાંતિના સમયમાં રાષ્ટ્ર સમક્ષની આપદા વખતે તેઓ દેશ બાંધવોની પડખે રહી સમર્પિત ભાવનાથી સેવા અને સહાય માટે તત્પર રહે છે. આપણી સશસ્ત્ર સેનાઓએ રાષ્ટ્રપ્રેમ, નિઃસ્વાર્થ સેવા અને આપણી સીમાઓની સુરક્ષા માટે અપ્રતિમ સાહસ-શૌર્ય સાથે શ્રેષ્ઠ કાર્યદક્ષતાનાં દર્શન કરાવ્યાં છે. 'ધ્વજદિન', સૌને માટે શહીદો તેમના પરિવારજનો અને સશસ્ત્ર સેનાઓ પ્રત્યે આદર-સન્માન સાથે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અમૂલ્ય અવસર છે. ત્યારે પ્રત્યેક નાગરિક સશસ્ત્ર સેના ધ્વજ દિન પ્રસંગે ઉદાર હાથે પોતાનો આર્થિક સહયોગ આપે, એમ પણ રાજ્યપાલએ જણાવ્યું હતું.

# દેશની રક્ષા માટે પ્રાણ ન્યોચ્છાવર કરનારા વીર જવાનોના પરિવારોના કલ્યાણ માટે ઉદાર હાથે ફાળો આપીએ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૭ ડિસેમ્બર સશસ્ત્ર સેના ધ્વજ દિવસ અવસરે ફાળો અર્પણ કરી દેશની સરહદો સાચવતા અને માતૃભૂમિની રક્ષા કરતા વીર સેનાનીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આપણા દેશના સીમાડે સતત ખડેપગે રહીને સરહદ પારની ઘૂસણખોરી અને નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપી માભોમની રક્ષા કરવા ઉપરાંત આંતરિક સલામતિ સુરક્ષા આપણા સશસ્ત્ર દળોના જવાનો નિભાવે છે.



દેશમાં કુદરતી કે માનવસર્જિત આપત્તિ પુર વાવાઝોડું ભૂકંપ કે કાયદો વ્યવસ્થાની જાળવણીમાં પણ સ્થાનિક પ્રશાસનને મદદરૂપ થતા આ સેનાનીઓ અને સશસ્ત્ર દળોના કર્તવ્યનિષ્ઠ ફરજ પરસ્ત જવાનોના અને દેશ માટે સમર્પિત થઈ પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા વીર જવાનોના પરિવારોના કલ્યાણ હેતુથી આ સશસ્ત્ર સેના ધ્વજ દિવસે સૌ કોઈ સ્વૈચ્છિક ફાળો દાન અર્પણ કરી તેમની સેવાઓનો ઋણ સ્વીકાર કરે છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આપણા અડીખમ યોદ્ધાઓ અને વીર સેનાનીઓ પ્રત્યે આદર ભાવ પ્રગટ કરવા અને વીરગતિને વરેલા વીર જવાનોના પરિવારો-વિધવા માતા-બહેનોના કલ્યાણ માટે ઉદાર હાથે સૌ નાગરિકો સશસ્ત્ર સેના ધ્વજ દિવસે ફાળો આપે તેવી અપિલ પણ કરી હતી.

મુખ્યમંત્રીએ આ સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ઉપલક્ષ્યમાં ગાંધીનગરમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો.

આ વેળા ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર, સૈનિક કલ્યાણ બોર્ડના નિયામક નિવૃત કમાંડર શશિકુમાર ગુપ્તા, નાયબ નિયામક પી એચ ચૌધરી તેમજ ગુજરાત પ્રદેશના ડિફેન્સ પી.આર.ઓ, એરફોર્સના અધિકારીઓ પણ જોડાયા હતા.

## જન્મદિને વધામણી



સંજય થોરાત 'સ્વજન'
અધ્યક્ષ, ગાંધીનગર સાહિત્યસભા
મો : ૯૪૨૬૮ ૮૦૪૦૦



રિકીત જે સોની
૯૮૨૪૫૪૪૬૯૭



અશ્વિવ દવે
મો : ૭૫૬૭૭ ૯૭૨૬૮



ઝરણા નિકુંજ મિસ્ત્રી



પ્રશમ હેમાંગ ગાંધી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસ. વી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં ઓનલાઈન વિવિધ પ્રવૃત્તિ થઈ



ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૬ઠ્ઠી ડિસેમ્બરે ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું હતું. આ પ્રવૃત્તિઓમાં ધોરણ ૧ અને ૪ના વિદ્યાર્થીઓ માટે સલાડ બનાવવાની અને ધોરણ પાંચ ના વિદ્યાર્થીઓ માટે મોબાઈલના કવર પર ડિઝાઇન અને વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન થયું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ પોતાની મૌલિક શક્તિનો પરીચય બતાવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

# ગાંધીનગર દલિત સેના દ્વારા આંબેડકરને પુષ્પાંજલિ કરાઈ

ગાંધીનગર, તા. ૭

ભારતના બંધારણના ઘડવૈયા અને વિશ્વવિભૂતિ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ એસ. મેસરવાળાએ ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમજ ડૉ. આંબેડકર અમર રહો, જબ તક સૂરજ ચાંદ રહેગા, ના નારાઓના સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમને ચિંધેલા માર્ગે ચાલવા તેમને ભારતનું બંધારણ ઘડી હક્ક અને અધિકારો આપી તેમને ચિંધેલા માર્ગે ચાલવા જણાવ્યું હતું. તેમ ઉપપ્રમુખ જે બી છત્રારીયાએ જણાવ્યું હતું.












કોરોના નામક વૈશ્વિક મહામારી ના પંજામાં વિશ્વ આખું ફસડાઈ પડ્યું છે. સરકાર દ્વારા પણ જનહિત માટે અનેક ગાઈડ લાઈનો આપવાના આવી રહી છે. ઉપરાંત મેડિકલ સ્ટાફ,પોલીસ સ્ટાફ, સફાઈ કર્મી, ડિફેન્સ સ્ટાફ, મીડિયા, આર્મી વગેરે ઉપરાંત નામી અનામી અનેક લોકો અનેક સંસ્થાઓ આ મહામારી સામે ઝઝૂમી રહ્યા છે. ત્યારે કલાકારો પણ પોતાની કલાના માધ્યમથી જાગૃતિના મેસેજ ફેલાવતા હોય છે. અહી સિટીના જાણીતા કલાકાર શ્રી મુકેશ પંડ્યા એ તેમની લઘુકળાને હથેળી ઉપર ઈન્સ્ટોલ કરીને કોરોનામાં સાવચેતી આપતા મેસેજ સોસીયલ મીડિયામાં વહેતા મુક્યા છે. જેમાં સોસીયલ ડિસ્ટર્ન, સ્ટે હોમ, કંપલસરી માસ્ક,દરેક ના ઘરની બહાર એક લક્ષ્મણ રેખા,કોરોના વોરિયર્સ ને સેલ્યુટ આપતી જ્યોત ઉપરાંત આરોગ્ય વર્ધક ઔષધીઓ નું સેવન કરવું, યોગા વગેરે મેસેજ નો સમાવેશ થાય છે. ફક્ત બે સેન્ટિમીટરની સાઈઝના અલગ અલગ સ્કલ્પર હથેળી પર દરસાવી આપણી સુરક્ષા આપણા જ હાથમાં છે એવો મેસેજ આપવાનો પ્રયાસ કરેલ છે.આ ઉપરાંત છેલ્લા ચાર વર્ષથી દરેક ધર્મના તહેવારોએ અને રાષ્ટ્રીય તહેવારોએ પણ આ કલાકાર તેમની અનોખી રીતે રચનાઓ કરતા રહે છે.

# આજથી જેમીનીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

દુનિયાભરના લોકોએ ઓકટોબર - નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદભૂત આનંદ મેળવ્યો હતો ત્યારે વર્ષ ૨૦૨૦ નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો ડિસેમ્બર તા. ૭ મી થી તા. ૧૬ સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા. ૭ મી થી ૧૬ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદભૂત જોવા મળે છે. દેશ–વિદેશમાં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૦૦ (એકસો) ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિના બિહામણા દ્રશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. તા. ૭ થી ક્રમશઃ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે.

જેમીનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તા. ૧૩–૧૪ બે દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. નરી આંખે સ્વચ્છ આકાશમાં સ્પષ્ટ નજારો જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. ઉત્તર, પૂર્વ દિશા જોવામાં શ્રેષ્ઠ છે. ચારેય દિશામાં ગમે ત્યારે દિવસે–રાત્રે ઉલ્કાવર્ષા થાય છે. તા. ૧૩ અને ૧૪ રવિવાર અને સોમવારે ઉલ્કા જોવાનું ચુકશો નહિ. ખગોળપ્રેમીઓ દરિયાઈ કિનારે તથા પર્વતીય – ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી પડાવ નાખશે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો આકાશમાં જોવા મળશે.



જેમીનીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસર વરસાદની જેમ પડશે. શરૂઆતમાં રાત્રે દર કલાકે ૫ થી ૧૦ કરતા વધીને ૫૦ થી ૧૦૦ ઉલ્કા ખરતી જોવા મળશે. તેની ઝડપ પ્રતિ સેકન્ડ ૩૫ કિ.મી. ઝડપે વધીને ૧૩૦ કિ.મી. ઝડપે પડશે. મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢે સ્પષ્ટ જોઈ શકાશે. જેમિનિડસ ખૂબ ચળકાટ ધરાવવાની સાથે ઝડપથી ફાયરબોલમાં ફેરવાઈ જાય છે. ઉલ્કાવર્ષા પીળા, લીલા અને વાદળી એમ વિવિધ કલરોમાં જોઈ શકાય છે. જેમિનિડસ ખરતા તારાનું નિર્માણ ૩,૨૦૦ ફાયેથોન તરીકે ઓળખાતા નાના ગ્રહોના ટુકડામાંથી થયું હોય છે. સદીઓ વીતતાં આ નાના ગ્રહો ઉપગ્રહોમાં ફેરવાઈ જાય છે. આ નજારો જોવા મળે તો જીંદગીનો રોમાંચક અનુભવ ગણાશે. ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. દૂરબીન, ફાયરબોલ ફોટોગ્રાફી, ડીઝીટલ વિડીયોગ્રાફીથી થઈ શકે છે. અંતમાં રાજયના લોકોને સ્પષ્ટ આકાશમાં ઉલ્કાવર્ષા નિહાળવા જાથાએ અપીલ કરી છે. જાથાએ રાજયમાં મુખ્ય કાર્યાલય અને શાખાઓમાં આયોજનો કર્યા છે.

# ડૉ. બાબા સાહેબ આંબેડકરને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા હિન્દી કવિતાઓથી શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રેબલ ટ્રસ્ટ સંચાલિત મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ પર ઓન લાઈન હિન્દી કવિ સંમેલનમાં તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ સાંજે ચાર વાગ્યે કાર્યક્રમમાં સરસ્વતી વંદના સ્વાતિ સરું દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન આદરણીય પ્રોફેસર ડૉ રામ ભરોસે ઉતરાખંડ ભારત દ્વારા કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં ડૉ મીના પરિહાર અધ્યક્ષ રુચિર ભટ્ટ દ્વારા સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલને અભિનંદન પાઠવ્યા હતા અને કાર્યક્રમ ની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

સંસ્થાના કોષાધ્યક્ષ તથા ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ



સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

શ્રદ્ધાંજલિ આપવા માટે આયોજિત હિન્દી કવિ સંમેલનમાં કુલ ૬૫ હિન્દી કવિઓ જોડાયા હતા અને તેમણે પોતાની ઉમદા કવિતા ઓ પ્રસ્તુત કરી હતી, આ પટના બિહાર અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા બિહાર ઈકાઈ, તથા શૈલેષ વાણિયા અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની રચના પ્રસ્તુત કરી ડૉ બાબા સાહેબ આંબેડકર ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગાંધીનગર મહા નગર ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત ગાંધીનગરના સભ્ય કાંતિભાઈ પટેલ એડવોકેટ આભાર વિધિ કરવામાં આવી હતી.

અંતમાં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા વંદે માતરમ્ રાષ્ટ્રીય ગાન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.